# દોઆએ દિલ સાથે આઁસુ યાઅની
# -: તઝર્રોઅ :-

એક વકત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) કાઅબતુલ્લાહને નઝદીક હરમમાં બેસેલા હતા. અસ્હાબ આપને સાથે હતા, તમામએ જોયું કે ઈમામ આલી મકામ તઝર્રોઅ સાથે-રોઈને-ગીડગીડાયને-આઁખોમાંથી આઁસુનું સૈલાબ જારી કરીને બારગાહે રેહમાનીમાં દોઆ ગુઝારી રહ્યા છે. અસ્હાબમાંથી એક એ આપનાથી અરઝ કીધી કે, અય હમારા આકા આપના મોટા નાનાજી સૈયેદુલ અંબિયા મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે, આપના દાદાજી સાહેબે ઝુલફિકાર મૌલાના અલી (અ.સ.) છે, આપના દાદીમાઁ સાહેબા ખાતૂને જન્નત મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) છે અને આપના બાવાજી સાહેબ જન્નતના જવાનોના સરદાર છે અને આપ ખુદ ઈમામતના મન્સબે અઝીમ પર ફાઈઝ છો, આપની ઝાતે ગિરામીથી કોઈ ખતા સરઝદ થાય એ તો મુમ્કિન નથી ! આના બાવુજૂદ આપ આ તરહ રોઈને અને અલ્લાહની કરમબખ્શી વાસ્તે કાલાવાલા કરીને દોઆ ગુઝારો છો ?

ઈમામ (અ.સ.) એ પુછનાર સાહેબને જવાબ આપો કે,"હર કોઈ અદના-આઅલા બંદાને અલ્લાહ ને નઝદીક એક ગુલામ જેમ પૈશ થઈને તૌબા અને મગફેરતનો તલબગાર રહેવું જોઈએ. અલ્લાહતઆલા તૌબા કરનાર શખ્સને ઘણો મોહબ્બત કરે છે. તૌબાની તલબ વાસ્તે તમારી આંખો માંથી નીકલેલા હર અશ્કની કીમત અલ્લાહ આખેરતમાં બેઈન્તેહા સવાબે અઝીમના તૌર પર ઈનાયત કરશે. બીજું એ કે, અલ્લાહની બારગાહમાં નસબ (સગપણ) જોવાતું નથી અને તે કામ લાગવાનું નથી. જેએ જે અમલ કીધા હશે તે જ કામ લાગશે. પછી હબ્શી કાલો ગુલામ હશે અને તેના અમલ ભલા અને ખૈર હશે તો તેને જન્નત આપવામાં આવશે; અને કોઈ કુરૈશી સૈયદ હશે અને તેના અમલ બદ અને ખરાબ હશે તો તેને જહન્નમની સઝા ભોગવવી પડશે. દોઆ કરવાનો હમારો આ જ તૌર-તરીકો છે. બારગાહે ઈલાહીમાં તઝર્રોઅ કરીને જ દોઆ કરવી જોઈએ જેથી ગુનાહોથી બચી શકાય. ★